વિવિધ ખાતા મારફત ચાલતી જૂથ અકસ્માત વીમા યોજનાઓનું એકત્રિકરણ કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણાં વિભાગ
ઠરાવ ક્રમાંક : જવચ-૧૦૦૪-૯૮૧(૨૧)-ઝ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : -૫-૨૦૦૭.
2 5 JUN 2007

વંચાણે લીધા :-

(૧)કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ/૧૧૯૫/૧૨૬૦/એમ(૩) તા.૧૨/૧/૧૯૯૬.
(૨)શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવ ક્રમાંક:જીઆઈએસ/૧૦૯૫/૬૦૯/એમ(૨) ૮/૧/૯૬.
(૩)શિ.વિ.ના ઠરાવ ક્રમાંક:પીઆરઆઈ/૧૦૨૧/ઈએમ/૩૩૯/ક. તા.૧૫/૩/૨૦૦૨.
(૪)શિ.વિ.ના ઠરાવ ક્રમાંક:પરચ/૧૭૨૦/એઓએસ/૪૮૮/ખ તા.૧૪/૮/૨૦૦૦.
(૫)સા.વ.વિભાગનો ઠરાવ ક્રમાંક:૧૦૨૦૦/મંત્રી/૭૫/અ તા.૨/૭/૨૦૦૧
(૬)સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક:દવસ/૧૦૨૦૦૦/મંત્રી-૭૫/અ તા.૨/૭/૦૧.
(૭)યુવક, સેવા અને સાંસ્કૃતિક વિભાગના ઠરાવ ક્રમાંક:યસપ/૧૦૯૫/૧૬૫૩/બ તા. ૩૦/૮/૯૬.
(૮)રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગના ઠરાવ ક્રમાંક:રમત/૧૦૯૮/૧૯૪૩/૧૧/બ તા.૩૦/૯/૯૯.
(૯)ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક:એઆઈએસ/૧૦૯૧/જીઓઆઈ/૩૬૫/પી તા. ૧૩/૩/૯૬, ૧૦/૬/૯૬.
(૧૦)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૨૦૦૫/૧૫૭૭/ગ તા.૨૫/૭/૦૫.
(૧૧)મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:નવસ/૧૦૨૦૦૬/૯૬૦/અ તા.૧૪/૬/૦૬.
(૧૨)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૦૫/ન.બા.૪/છ.૧ તા.૨૮/૩/૨૦૦૭.

ઠરાવ :-

રાજયના જુદા જુદા વિભાગ દવારા તેના હસ્તગત ખાતાના વડાઓ મારફતે જુદી જુદી અકસ્માત વીમા યોજનાઓ અમલમાં છે. આ વિવિધ યોજનાઓમાં રાજય સરકાર જેટલું પ્રીમિયમ ભરે છે તેના પ્રમાણમાં લાભાર્થીઓને સરળતાથી વીમાનો લાભ મળતો નથી. આ યોજનાઓનો લાભ લાભાર્થીઓને વ્યાપક રીતે મળી શકે તેમજ યોજના હેઠળના લાભ બેવડાય

૫. ઓળખવિધિ

દરેક લાભાર્થીઓની ઓળખવિધિ જુદા જુદા ખાતાઓ દવારા હાલની યોજનાના ઠરાવની પ્રવર્તમાન જોગવાઈ મુજબ જે તે વિભાગના અમલીકરણ કરતા નોડલ ઓફિસરે કરવાની રહેશે.

૬. અકસ્માતની વ્યાખ્યા

"આપઘાત કે કુદરતી મૃત્યુ સિવાય બીજી કોઈપણ રીતે લાભાર્થીનું મૃત્યુ થાય કે કાયમી અપંગ બને તો આ યોજનાનો લાભ વીમા પોલીસીની શરતોને આધિન રહીને મળવાપાત્ર થાય." વીમા રક્ષણ હેઠળના લાભાર્થીનું મૃત્યુ અથવા કાયમી અપંગતાના કિસ્સામાં લાભાર્થીને વીમા સહાય ચુકવવા બાબતે વિવાદ ઉપસ્થિત થાય તો તે અંગે સરકારશ્રીના અધિકૃત સત્તાધિશ/કમિટીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૭. મૃત્યુ કે કાયમી અપંગતાને કારણે મળવાપાત્ર લાભ

આ ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટ–૧માં આવરી લેવાયેલ યોજનાઓ/કેટેગરી હેઠળના લાભાર્થીઓને તેમના ક્રમ સામે કોલમ નં.૪ માં નિર્દિષ્ઠ કરેલ વીમારાશીની મહત્તમ મર્યાદામાં આ યોજના હેઠળ વળતર ચુકવવાપાત્ર રહેશે. સામાન્ય જૂથ અકસ્માત વીમા પોલીસીની શરતોને ધ્યાનમાં રાખી વીમા રકમ નીચે મુજબના સંજોગોમાં મળવાપાત્ર થશે.

(અ)અકસ્માતના કારણે મૃત્યુ/કાયમી, સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦%.

(બ)અકસ્માતને કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ/પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦%.

(ક)અકસ્માતને કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦%.

(ડ)અકસ્માતને કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦%.

૮. વારસદારો

આ વીમા યોજના હેઠળ લાભાર્થીઓના વારસદાર તરીકે નીચે મુજબની વ્યકિતઓ ક્રમાનુસાર રહેશે.

| | | |
|---|---|---|
| અ | પતિ અથવા પત્ની | તેમની ગેરહયાતીમાં |
| બ | તેમના બાળક પુત્ર/પુત્રી | તેમની ગેરહયાતીમાં |
| ક | તેમના મા – બાપ | તેમની ગેરહયાતીમાં |
| ડ | તેમના પૌત્ર/પૌત્રી | ઉકત અ,બ,ક ની ગેરહયાતીમાં |
| ઈ | લાભાર્થી ઉપર આધારિત અને તેમની સાથે રહેતા અપરણિત અથવા વિધવા અથવા ત્યકતા બહેન. | |

ફ ઉપરોકત કિસ્સા સિવાયના તથા વિવાદાસ્પદ
કેસમાં સબંધિત લાભાર્થીને લાગુ પડતા
વારસાધારા હેઠળ જાહેર થયેલ વારસદારો.

ઉપરોકત કિસ્સામા જો વારસદાર સગીર હોય તો તેમના નેચરલ ગાર્ડીયન/કાયદેસરના વાલીને વીમા રકમનું ચુકવણું કરવાનું રહેશે.

. દાવા રજૂ કરવાની પ્રક્રિયા

આ વીમા રક્ષણના લાભાર્થીના વારસદારે ઉપસ્થિત થયેલ દાવા માટે નીચે મુજબની કાર્યવાહી અનુસરવાની રહેશે.

✡ લાભાર્થીના મૃત્યુના કિસ્સામાં ઉપરોકત (ક્રમ–૮) ના કિસ્સામાં જણાવ્યા મુજબના વારસદાર અથવા કાયમી અપંગતાના કિસ્સામાં લાભાર્થીએ પોતે અકસ્માત તારીખના <u>૯૦ દિવસમાં</u> વિવિધ ખાતાએ તેમના નિયંત્રણ હેઠળની કચેરીના નિયત કરેલ સ્થાનિક નોડલ અધિકારી/સક્ષમ અધિકારીને આ યોજના હેઠળ નિયત કરેલ નમુનામાં લેખિતમાં જાણ કરવાની રહેશે.

✡ દાવા અરજીની સાથોસાથ નીચે મુજબના દસ્તાવેજો બીડવાના રહેશે.

**લાભાર્થીની ઓળખ માટે......**

(૧) ૭/૧૨ નો ઉતારો, ખેડૂતપોથી, ખેતમજૂરનું કાર્ડ, અસંગઠિત કામદાર હોવા અંગેનું પ્રમાણપત્ર, તલાટી–કમ–શ્રમ અધિકારીનું પ્રમાણપત્ર, શાળા–કોલેજ–ITI ના વિદ્યાર્થીનું સંસ્થાનું પ્રમાણપત્ર, રમતગમત સાંસ્કૃતિક વિભાગ તેમજ પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધિકૃત અધિકારીનું લાભાર્થી તરીકેનું લાગુ પડતુ પ્રમાણપત્ર. વિગેરે...

(૨) FIR

(૩) અધિકૃત તબીબનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ.

(૪) જન્મ–મરણ નોંધણી અધિકારીનું મરણનું પ્રમાણપત્ર.

(૫) કાયમી અપંગતાના કિસ્સામાં સબંધિત જિલ્લાના સિવિલ સર્જન / સ્થાનિક અધિકૃત તબીબી અધિકારીનું પ્રમાણપત્ર.

(૬) જરૂર હોય ત્યાં ઉંમરનો પુરાવો. (વીમા યોજનાના લાભાર્થીની મહત્તમ વયમર્યાદા રહેશે નહિ).

(૭) અસાધારણ કેસમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટની અશકયતાના કિસ્સામાં જિલ્લા કલેકટરશ્રીનું પ્રમાણપત્ર.

યોજનાના અમલ માટે સબંધિત ખાતાના વડાએ સ્થાનિક કક્ષાએ તેમના નિયંત્રણ હેઠળની કચેરીના અધિકારીને અધિકૃત કરવાના રહેશે.

૧૦. નોડલ અધિકારીની જવાબદારી

ઉપરોક્ત ક્રમ–૧માં જણાવ્યા મુજબ નિયત નમુનાની અરજી જરૂરી પુરાવા સાથે મળેથી સબંધિત ખાતાના યોજનાની અમલવારી કરતા અધિકારીએ અરજીની સંપૂર્ણ ચકાસણી કરી નિર્દિષ્ઠ કરેલ નિયત નમુના મુજબના પ્રમાણપત્ર સાથે દાવાનો નિકાલ કરવા પ્રમાણપત્ર સહિત અરજી વીમા કંપનીને મોકલી આપવાની રહેશે.

૧૧. દાવા પતાવવાની કાર્યવાહી

મૃત્યુ અથવા કાયમી અપંગતાના કિસ્સામાં (સક્ષમ/નોડલ અધિકારીશ્રીએ) અરજી મળ્યા તારીખથી <u>૩૦ દિવસની અંદર</u> જરૂરી ચકાસણી અને નિયત પ્રમાણપત્ર સાથે ચુકવણીના હેતુસર વીમા કંપનીને મોકલી આપવાની રહેશે. અરજીની સાથે અપૂરતા દસ્તાવેજોના કિસ્સામાં કચેરીએ અરજી જરૂરી વાંધા સાથે શકયતઃ પ્રાથમિક તબકકે જ અથવા વધુમાં વધુ ૩૦ દિવસની અંદર જ લાભાર્થીને પુર્તતા સારૂં પરત કરવાની રહેશે.

વીમા કંપનીએ દાવા અરજી સહિત તમામ પેપર મળ્યા તારીખથી ૬૦ દિવસની સમયમર્યાદામાં દાવા રકમની ચુકવણી કરવાની રહેશે. વીમા કંપનીઓ દવારા દરમાસે ચુકવાયેલ દાવાઓની વિગતવાર માહિતી સબંધિત ખાતા તેમજ વીમા નિયામકની કચેરીને પૂરી પાડવાની રહેશે.

નામંજૂર થયેલ દાવાના કિસ્સામાં અરજદારને <u>કારણો સહિત</u> સબંધિત સક્ષમ અધિકારીની જાણ હેઠળ માહિતગાર કરવાના રહેશે. વીમા કંપનીએ આવા નકારાયેલ દાવાની વિગતનું પત્રક કારણો સહિત નિયત પત્રકમાં વીમા નિયામકની કચેરીને પ્રતિમાસે મોકલવાનું રહેશે.

૧૨. સબંધિત યોજનાના ખાતાના વડાની કચેરીએ દર બે માસે તેમના ખાતાની યોજનાનો એકત્રિત અહેવાલ વીમા નિયામકની કચેરીને કરવાનો રહેશે.

નામંજૂર થયેલ દાવાઓ / વિવાદાસ્પદ દાવાઓમાં જરૂર જણાયે સબંધિત ખાતાના વડા/વીમા કંપનીના અધિકારી તેમજ વીમા નિયામકની કચેરીના અધિકારીની સમિતિ રિવ્યૂ કરશે. આ કમિટીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૧૩. આ યોજનામાં અલગ અલગ કેટેગરીના લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. એક કરતાં વધારે કેટેગરીનું પ્રતિનિધિત્વ ધરાવતા લાભાર્થીને આ યોજના અંતર્ગત એક જ કેટેગરી હેઠળ લાભ મળવાપાત્ર રહેશે. આમ, એક લાભાર્થીના કિસ્સામાં વીમા વળતરનું ચુકવણું બેવડાય નહિ તે સબંધિત નોડલ અધિકારીએ ખાતરી કરવાની રહેશે.

એચ-૧૯૯-૨

૧૪. આ યોજનામાં સમાવિષ્ઠ કરેલ બાબતો સિવાયની અન્ય બાબતો માટે સબંધિત વિભાગોએ યોજના અંગેના કરેલ ઠરાવો તેમજ તેમાં નિર્દિષ્ઠ કરેલ લાભાર્થીની શરતો યથાવત રહેશે.

૧૫. અન્ય કોઈ વિભાગ ખાતા દવારા આવા હેતુસરની અન્ય કોઈ વીમા યોજના અમલમાં હોય અથવા ભવિષ્યમાં કરવામાં આવે તો તે તમામ યોજનાનો આ યોજનામાં સમાવેશ કરવાનો રહેશે.

૧૬. યોજનાનો ખર્ચ

આ કલ્યાણકારી જૂથ અકસ્માત વીમા યોજનાનો સમગ્ર વીમા પ્રીમિયમ ખર્ચ રાજય સરકાર ભોગવશે અને જે તે વિભાગના લાભાર્થીની સંખ્યાને લક્ષમાં રાખીને જે તે વિભાગની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

૧૭. આ યોજનાનો હેતુ સરકારશ્રીની તમામ યોજનાઓ એકત્રિત કરી વીમારાશીનો સ્પર્ધાત્મક લઘુત્તમ પ્રીમિયમ દર મેળવવાનો હોવાથી, આવરી લેવાયેલ તમામ યોજનામાં સમાવેશ લાભાર્થીની સંખ્યાના પ્રમાણમાં પ્રીમિયમની રકમ ચુકવણી કરવાની રહેશે.

૧૮. આ યોજનાની સમગ્ર અમલીકરણ પધ્ધતિ (મોડાલીટી) નાણા વિભાગ અલગથી નકકી કરશે. અને સમયાંતરે તેમાં જરૂરી ફેરફાર નાણા વિભાગ / નાણા વિભાગના અધિકૃત અધિકારી કરી શકશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શૈલજા પટેલ )
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓ / રાજયકક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.